પ્રતિધ્વનિ

# Media Award 2005

**29th May, 2006**
**Hemu Gadhavi Natya Gruh**
**Rajkot**

સ્નેહ ભર્યું સ્વાગત છે આપનું

YEARS OF TRUTH 9

9th Year Celebration

પ્રતિધ્વનિ

# Media Award 2005




આવકાર... આત્મીયતાનો

9th Year Celebration

પ્રતિધ્વનિ Media Award 2005

# 14 સમર્થ ગુજરાતીઓનું પ્રતિધ્વનિ મીડિયા એવોર્ડથી સન્માન

## તટસ્થતા એ પ્રતિધ્વનિની ઓળખ છે તેથી દેશ વિદેશમાં ગુજરાતીઓએ તેને અપનાવી લીધું : ભાઈશ્રી

### AWARDED TO




**Shri Odhavjibhai Patel**
For Business Activities



**Shri Varghese Kurien**
For Dairy Activities



**Shri Govindbhai Patel**
For Film Activities



**Shri Jagdishanand Sagarji**
For Aadhyatmik Activities



**Shri Parthiv Patel**
For Cricket Activities



**Shri Bhagwat Bhavsar**
For Drama Activities



**Shri Krishnsinh Rathod**
For Education Activities




પ્રતિધ્વનિ દ્વારા નવ વર્ષની ઉજવણીનાં ભાગ રૂપે 14 સમર્થ ગુજરાતીઓને પ્રતિધ્વનિ મીડિયા એવોર્ડ 2005 થી સન્માનિત કરવાનો કાર્યક્રમ 29 મે' 2006 સોમવારનાં રોજ રાજકોટ ખાતે હેમુગઢવી નાટ્ય ગૃહમાં યોજાયો હતો. પ્રસ્તુત તસ્વીરમાં આમંત્રિત મહેમાનો તેમજ હોલમાં ઉપસ્થિત અન્ય આમંત્રિતોને સંબોધી રહેલા કાર્યક્રમનાં મુખ્ય મહેમાન પૂજ્યશ્રી રમેશભાઈ ઓઝા ''ભાઈશ્રી'', ડાબેથી આઈશ્રી ગ્રુપ ઓફ પબ્લિકેશનનાં ડાયરેક્ટર શ્રીમતી હંસાબેન પટેલ, રાજકોટનાં મેયરશ્રી ધનસુખભાઈ ભંડેરી, રાજકોટનાં ધારાસભ્યશ્રી ટપુભાઈ લીંબાસીયા અને રાજકોટ મહાનગર સ્ટેન્ડિંગ કમિટીનાં ચેરમેન શ્રી નિતીનભાઈ ભારદ્વાજ નજરે પડે છે.

---

**આ**ઈશ્રી પબ્લિકેશનનાં પ્રતિધ્વનિ માસિક મેગેઝીને નવ વર્ષ પુરા કર્યા તે પ્રસંગે રાજકોટનાં હેમુ ગઢવી નાટ્યગૃહમાં 29 મે' 2006 સોમવારના રોજ 14 સમર્થ ગુજરાતીઓનું પ્રતિધ્વનિ મીડિયા એવોર્ડ 2005થી સન્માન કરાયું હતું. આ પ્રસંગે વિશ્વપ્રસિદ્ધ કથાકાર શ્રી રમેશભાઈ ઓઝાએ ગુજરાત અને ગુજરાતીઓની પ્રશંસા કરતા કહ્યું હતું કે, તટસ્થતા એ પ્રતિધ્વનિની ઓળખ છે અને તેથી જ દેશ વિદેશમાં ગુજરાતીઓએ તેને અપનાવી લીધું છે. રાજકોટના આંગણે પ્રતિધ્વનિ પરિવારનો અનેરો અવસર હતો, આ અવસરે ગુજરાતનાં આધ્યાત્મિક, શૈક્ષણિક, સામાજિક, કલા, રમત ગમત તેમજ વેપાર ઉદ્યોગ ઉપરાંત જુદા-જુદા ક્ષેત્રોમાં વિશેષ પ્રદાન માટે જાણીતા એવા 14 મહાનુભાવોનું ભાઈશ્રીનાં હસ્તે સન્માન કરી ઋણ અદા કર્યું હતું.

સમારંભના મુખ્ય મહેમાન પદેથી ભાઈશ્રીએ પ્રતિધ્વનિની હરણફાળને બિરદાવી હતી અને જણાવ્યું હતું કે, પ્રતિધ્વનિએ મીડિયા ક્ષેત્રને એક નવો આયામ આપ્યો છે, જે અભિનંદનને પાત્ર છે. વધુમાં તેઓએ કહ્યું કે, ગુજરાતીઓની એક આગવી જીવન પદ્ધતિ છે. ભાષા, સમાજ અને પરિવાર પ્રત્યેના એક લગાવને કારણે આજે ગુજરાતીઓની ખ્યાતિ દેશ વિદેશમાં પ્રસરેલી છે. વિશ્વનાં કોઈપણ ખૂણે જાઓ, ધંધો હોય કે ઉદ્યોગ કોઈપણ વ્યવહાર કરવાનો હોય, સામો વ્યક્તિ ગુજરાતી હોય એટલે તેના પર વિશ્વાસ મુકીને સૌ વ્યવહાર કરતા હોય છે. આવા ગુજરાતીઓને કારણે જ ગુજરાત સમૃદ્ધ બન્યું છે. ગુજરાત ઘણા રાજ્યોને આ ક્ષેત્રોમાં માર્ગદર્શન આપવા માટે સક્ષમ બન્યું છે. ગુજરાતને સમૃદ્ધિનાં શિખર પર લઈ જવામાં જુદા જુદા ક્ષેત્રોનું મહત્વનું પ્રદાન રહ્યું છે. આવા ક્ષેત્રોના સામાર્થ્યવાન 14 મહાનુભાવોનું પ્રતિધ્વનિ મીડિયા એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું, જે ખુબ જ ગૌરવની વાત છે.

પ્રતિધ્વનિ કોઈ પક્ષ કે સમૂહનું મેગેઝીન નથી તેથી જ તો, પ્રતિધ્વનિ દેશ વિદેશમાં લોક હૈયે વસે છે. સમારંભની ચરમસીમા વખતે આઈશ્રી પબ્લિકેશનના ડાયરેક્ટરે મહાનુભાવોના નામની ઘોષણા કરી હતી. દરેક મહાનુભાવોને તેમના ક્ષેત્રના પ્રદાન બદલ સ્ટેજ પર બોલાવીને પ્રતિધ્વનિ મીડિયા એવોર્ડ 2005થી સન્માનીત કર્યા હતાં. આ પ્રસંગે વિવિધ ક્ષેત્રે પ્રદાન આપનાર મહાનુભાવો તથા આઈશ્રી ગ્રુપ સાથે સંકળાયેલ અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતાં.

### AWARDED TO



**Dr. H.L. Trivedi**
For Medical Activities



**Shri K.K. Shastri**
For Sahitya Activities




**Shri Ishwarsinh Patel**
For Social Activities



**Shri Mahesh-Naresh**
For Sangeet Activities



**Shri Gunvantrai Delawala**
For Social Activities



**Shri Pratapsinh Rathod**
For Sahitya Activities



**Shri Maheshkumar Patel**
For Education Acitivities



'પ્રતિધ્વનિ મીડિયા એવોર્ડ-2005'ની પુસ્તિકાનું વિમોચન કરતાં પૂજ્ય 'ભાઈશ્રી', આઈશ્રી ગ્રુપના ડિરેક્ટર શ્રીમતી હંસાબેન પટેલ, રાજકોટના મેયરશ્રી ધનસુખભાઈ ભંડેરી, ધારાસભ્યશ્રી ટપુભાઈ લિંબાસીયા અને સ્ટેન્ડિંગ કમિટિના ચેરમેન શ્રી નિતિનભાઈ ભારદ્વાજ. વિમોચનને હાજર લોકોએ તાળીઓના ગડગડાટથી વધાવી લીધું હતું.



પ્રતિધ્વનિ મીડિયા એવોર્ડ 2005નાં સમારોહમાં 14 સમર્થ ગુજરાતીઓને તેમના મહત્ત્વપૂર્ણ પ્રદાન બદલ સન્માનવામાં આવ્યાં હતાં જેમાં ઉદ્યોગ, સમાજકાર્ય, મેડિકલ, સાહિત્ય, આધ્યાત્મિક, શૈક્ષણિક, રમતગમત, સંગીત, ફિલ્મ, રંગભૂમિ અને ડેરી જેવા વિવિધ ક્ષેત્રનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સન્માનની સાથે તેમના કાર્યો વિશેનું એક નાનકડું પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું.



કુમારિકાઓએ 'સુસ્વાગતમ્' ગીત પ્રસ્તુત કરી પ્રેક્ષકોના મન મોહી લીધા.



'ઋષિ-એક સંબુધ્ધ સદ્‌ગુરુ કી આત્મવાણી' વિડીયો સીડીનું ઐતિહાસિક વિમોચન

9 YEARS OF TRUTH
9th Year Celebration

પ્રતિધ્વનિ Media Award 2005

## પ્રતિધ્વનિની ગેલેક્સી રાજકોટનાં આંગણે

# પ્રતિધ્વનિનાં નવ વર્ષની રંગારંગ ઉજવણી



સોમવારની સાંજે રાજકોટનો હેમુ ગઢવી નાટ્યગૃહ ગૌરવશાળી ગુજરાતીઓથી ઝળહળી ઉઠ્યો હતો. પ્રતિધ્વનિ દ્વારા આયોજિત 14 સમર્થ ગુજરાતીઓના સન્માનનાં પ્રસંગે આખો હોલ હર્ષોભર્યો લાગતો હતો.



મોરબીના ઉદ્યોગપતિ ઓધવજી પટેલ અને ડો. એચ. એલ. ત્રિવેદી તાળીઓના ગડગડાટથી કાર્યક્રમને વધાવી રહ્યાં છે. સમયનાં શહેનશાહ ઓધવજી પટેલ અને કિડનીના કસ્બી ડો. ત્રિવેદી ખાસ આ કાર્યક્રમ માટે હાજર રહ્યાં હતાં.



સંધ્યાનું ખાસ આકર્ષણ નાટક 'અમે તો હસતા રમતાં રહીએ' જામેલી રાતમાં કલાના કસબીઓએ અભિનયથી રંગો પૂર્યા હતાં.



કાર્યક્રમના આયોજક કિશોરભાઈ રાઠોડનું ભાઈશ્રીએ શાલ ઓઢાડીને સન્માન કર્યું.

# ધિંગી ધરાના રત્નોની કપરી પસંદગી

વાત હતી ગુજરાતની ધીંગી ધરામાંથી 14 રત્નોને ચૂંટવાની. આમ જુઓ તો ગુજરાતી પત્રકારત્વ ક્ષેત્રનો આ નવો પ્રયોગ હતો અને તેથી જ આ કામ મુશ્કેલ પણ હતું. ચીલા પર ચાલવું સહેલું છે, પરંતુ ચીલો ચાતરવાની પહેલ કરવી તે કપરું અને જટિલ કામ છે. 'પ્રતિધ્વનિ' તેમના વાચકોનાં હિતમાં આ પ્રયાસ કરવા જઈ રહ્યું છે. હજારો શક્તિશાળી, પ્રખ્યાત અને પોતાના ક્ષેત્રે સિદ્ધિની ટોચે બિરાજતા મહાનુભાવોમાંથી માત્ર થોડાં રત્નોને ચૂંટવાના હોય ત્યારે તો કાર્ય વધારે જ મુશ્કેલ અને જવાબદારીભર્યું બને, કારણ કે ગુજરાત તો આવા રત્નોની ખાણ છે. વળી, સહુથી અગત્યની વાત તો એ છે કે, આ પ્રકારની પસંદગીમાં વિશ્વસનિયતા સ્થાપિત થાય એ જરૂરી હતું માટે અમે સંપૂર્ણપણે પ્રમાણિક, તટસ્થ અને પારદર્શી પદ્ધતિ અપનાવી. 'એડિટોરિયલ વિઝડમ'ના સ્થાપિત સિદ્ધાંતને અનુસરીને અમે 'પ્રતિધ્વનિ'ના રાજ્યભરમાં ફેલાયેલા વિશાળ નેટવર્ક અને વૈવિધ્યસભર અનુભવ ધરાવતા પત્રકારો પાસેથી રાજ્યભરના નામાંકિત અને સફળ લોકોનાં નામની સૂચિ તૈયાર કરાવી. યાદીનું વિષયવાર વિભાજન કરી જે તે ક્ષેત્રનાં જાણકારો સાથે પરામર્શ કરીને મહત્ત્વપૂર્ણ પ્રદાન આપનાર મહાનુભાવોની યાદી તૈયાર કરી.

વ્યક્તિગત, સંસ્થાગત પૂર્વગ્રહો હોય કે પછી ગમા-અણગમા હોય આ તમામને આ યાદીથી દૂર રાખવામાં આવ્યાં. ત્યારબાદ તંત્રી વિભાગની વરિષ્ઠ વ્યક્તિઓની મદદથી શોર્ટ લિસ્ટિંગ દ્વારા નામોની સૂચિ તૈયાર કરવામાં આવી. આ યાદી પર કલાકો સુધી ચર્ચા-વિચારણા બાદ, જાણકાર વ્યક્તિઓની મદદ લઈને અમુક નામો તારવાયા, આ યાદીને પણ ટૂંકાવીને આખરી નામોની યાદી બનાવવા અમારા તંત્રી વિભાગનાં વરિષ્ઠ સભ્યો પાસે મોકલાઈ. ઉપરાંત સમાજનાં વિવિધ ક્ષેત્રોનાં જાણકારોને પણ અભિપ્રાય માટે બતાવાઈ. સહુથી વધુવાર પસંદ થયેલા 14 વ્યક્તિઓના નામો યાદીમાં સમાવાયાં. આ લાંબી પારદર્શી પ્રક્રિયાને અંતે આ યાદી લઈને અમે ગયા નામાંકિત અને જાણકાર લોકો પાસે. તેમાંના દરેકની સાથે યોગ્ય સમય વિતાવી આ બધાં જ નામોની તેમના જજમેન્ટ મુજબ આખરી સૂચિ તૈયાર કરી. તટસ્થતા જાળવવાની 'પ્રતિધ્વનિ'ની કટિબદ્ધતાને કારણે આ આખરી યાદીને પણ અમે ફરીથી ઉચ્ચ અમલદારો અને સંનિષ્ઠ નાગરિકો દ્વારા ચકાસણીની એરણે ચઢાવી. અંતે તેનું જે પરિણામ આવ્યું તે અહીં પ્રસ્તુત છે.

આશા રાખીએ કે પ્રથમવાર આદરાયેલી આવી વિશાળ પ્રક્રિયામાં વાચકોનો વિશ્વાસ દીર્ઘ રહેશે અને ભવિષ્યમાં અમે આ અનુભવના ભાથાનો વધુ સારી રીતે ઉપયોગ કરીને કામ કરી શકીએ તેવું માર્ગદર્શન આપતા રહેશે.

## ગુજરાતની પ્રતિભાઓને આદર-અંજલી આપવાનો પ્રયાસ...


**ચેરમેન તરફથી...**

**આઈશ્રી** પબ્લીકેશનનાં ગુજરાતી માસિક ''પ્રતિધ્વનિ''નાં 9 વર્ષની ઉજવણીનાં અવસરે વિવિધક્ષેત્રે મહત્ત્વપૂર્ણ પ્રદાન આપનાર મહાનુભાવોને સન્માનિત કરતાં હું ખૂબજ પ્રસન્નતા અનુભવું છું. આ સન્માનિત મહાનુભાવો પાંચ કરોડ ગુજરાતીઓ પૈકી પ્રત્યેકની પ્રતિભાનું અને પ્રભાવનું પ્રતિનિધિત્વ કરે છે. મહાનુભાવોને સન્માનિત કરવાની કામગીરી હાથ પર લીધી ત્યારે અમને એમાં રહેલ વિરાટ પડકારનો પૂરો અંદાજ ન હતો. અમારે મર્યાદિત સંખ્યામાં મહાનુભાવોને સન્માનિત કરવાના હતાં, પરંતુ નામો ઘણા હતાં. દરેકે દરેક વ્યક્તિ પોતાની રીતે મહત્ત્વની હોવાની જ, સ્વાભાવિક છે કે એ સૌનું પોતપોતાના ક્ષેત્રમાં વિશેષ યોગદાન હોવાનું. આ કામગીરીમાં અમને એ વાતની પણ પ્રતીતિ થઈ કે ગુજરાતની સમૃદ્ધિનું કારણ તેની સાંસ્કૃતિક, ધાર્મિક ને પ્રાકૃતિક સંપદા જ નથી એની ગતિશીલ, ઊર્જાવાન અને પ્રતિભા સંપન્ન માનવ સંપદાનું પણ ગુજરાતની સમૃદ્ધિમાં વિશેષ યોગદાન છે. ગુજરાતની પ્રતિભાઓને આદર અંજલી આપવાનો અમારો એક વિનમ્ર પ્રયાસ છે. અહીં એ પણ ઉલ્લેખ કરવો જરૂરી છે કે સન્માનિત વ્યક્તિઓનું કોઈ રેન્કિંગ કરવામાં આવ્યું નથી. આમ કરવા પાછળની ભાવના એ છે કે સન્માનિત પ્રત્યેક વ્યક્તિને અમે સમાન ધોરણે સક્ષમ અને શક્તિશાળી લેખીએ છીએ. અમે મહાનુભાવોને સન્માનિત કરવામાં બધી વાતે તકેદારી રાખી છે. ખાસો સંભવ છે કે સઘળી સાવધાની છતા અમારે પક્ષે કોઈ ભૂલ રહી ગઈ હોય. આશા છે, એ માટે આપ અમારા પ્રત્યે ક્ષમા ભાવ રાખશો.

**પરેશ મુલાણી**

## શુભેચ્છા સંદેશ

**શ્રી રમેશભાઇ ઓઝા, "ભાઇશ્રી"**
**ભગવત કથાકાર**



**'પ્રતિધ્વનિ'** દ્વારા સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં યોગદાન આપનાર સજ્જનોને એવોર્ડ આપી સન્માન કરવાનો ઉપક્રમ સરાહનીય છે. સ્તુતિ કરવા યોગ્યની સ્તુતિ ન થાય તો અયોગ્ય માણસોની અયોગ્ય પ્રવૃત્તિથી બચવાનું મુશ્કેલ બને છે. આ અવસરે અભિનંદન અને અંતરની શુભકામનાઓ.

**"ભાઇશ્રી"**

**क्रांतिकारी विश्वसंत श्री ऋषिजी**



प्रिय आत्मन,

नये समाज को जन्म नहीं दिया जा सकता, क्योंकि समाज का कोई अस्तित्व नहीं है, अस्तित्व है व्यक्तित्व का। नये समाज को जन्म देने की चेष्टा व्यर्थ हो जाती है क्योंकि नये समाज को जन्म देने की कोशिश में हम नये व्यक्ति को जन्म देने का ध्यान ही नहीं रखते हैं, नया व्यक्ति जन्मे तो नया समाज जन्म सकता है।

ऋषि

## શુભેચ્છા સંદેશ

**નવલ કિશોર શર્મા**
રાજ્યપાલ, ગુજરાત.




सत्यमेव जयते

સત્ય નિરૂપણનાં આરાધક મિડિયાકર્મીનું સન્માન એ વાસ્તવમાં સમાજનું સન્માન છે. મૂલ્યનિષ્ઠ અને જનહિતલક્ષી પત્રકારત્વ આજના સમયની માંગ છે. એવોર્ડ અર્પણવિધિથી અન્ય સત્ય સાધક, કલમનાં કસબીઓને આગળ આવવાની પ્રેરણા પ્રાપ્ત થશે. **"પ્રતિધ્વનિ મિડિયા એવોર્ડ 2005"** ની સફળતા અર્થે હું હાર્દિક શુભકામનાઓ પાઠવું છું.

**નવલ કિશોર શર્મા**

**નરેન્દ્ર મોદી**
**મુખ્યમંત્રી, ગુજરાત**




सत्यमेव जयते

**"પ્રતિધ્વનિ"** માસિક મેગેઝીન દ્વારા 9 વર્ષની ઉજવણીનાં ભાગ રૂપે, વિવિધ ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન આપનાર મહાનુભાવોને **"પ્રતિધ્વનિ મિડિયા એવોર્ડ, 2005"** થી સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાઇ રહ્યો છે તે જાણી આનંદ થયો. **"પ્રતિધ્વનિ"** લોકહિત માટે જાગૃત પ્રહરીની ભૂમિકા ભજવી સમાજ અને શાસન વચ્ચેનો સેતુ બનશે તેવી અપેક્ષા છે.

**નરેન્દ્ર મોદી**

**KESHUBHAI PATEL**
Ex. Chief Minister
MEMBER OF PARLIAMENT
RAJYA SABHA




सत्यमेव जयते

લોકશાહીના ચાર સ્તંભમાં મિડિયા એક મહત્વપૂર્ણ સ્તંભ છે. દેશની આઝાદીની લડતમાં પણ મિડિયાએ મહત્વની ભૂમિકા ભજવી હતી. આઝાદી પછીના કાળમાં મિડિયાક્ષેત્રે પણ અનેરી ક્રાંતિ થઇ છે. પ્રતિધ્વનિ માસિકના સંચાલકો ધ્વારા તેમની અસરકારક ભૂમિકાની સાથે સમાજનાં વિવિધવર્ગનાં અગ્રણીઓને સન્માનવાનો જે ઉપક્રમ શરૂ કર્યો છે, તે આવકાર દાયક છે. 2005નાં એવોર્ડથી સન્માનિત થનારા મહાનુભાવોને પણ આ પ્રસંગે હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું.

**કેશુભાઇ પટેલ**

**પ્રો. મંગળભાઇ પટેલ**
**અધ્યક્ષ,ગુજરાત વિધાનસભા**



सत्यमेव जयते

પ્રતિધ્વનિ દ્વારા સન્માનિત થનાર વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓ સમાજની વધુને વધુ સેવામાં કાર્યરત રહે તે માટે તેઓનું સ્વાસ્થ્ય ખૂબ જ તંદુરસ્તીમય રહે તેવી શુભકામનાઓ સાથે પ્રતિધ્વનિ દ્વારા આયોજિત **"પ્રતિધ્વનિ મિડિયા એવોર્ડ - 2005"** કાર્યક્રમને સફળતા મળે તેવી શુભેચ્છા પાઠવું છું.

**પ્રો. મંગળભાઇ પટેલ**


**વજુભાઇ વાળા**
**ભારતીય જનતા પાર્ટી**



**રાષ્ટ્રીય** અને આંતર રાષ્ટ્રીય પ્રકાશન પ્રતિધ્વનિ માસિક મેગેઝિને મીડિયા જગતમાં સતત નવ વર્ષની લાંબી મંઝિલ કાપી સિધ્ધિઓનાં શિખરો સર કર્યા છે. આવનારા દિવસોમાં સાચી અને સારી માહિતીઓનું વાંચન કરનાર વર્ગને આપના મેગેઝીન ધ્વારા વિશિષ્ટ અને માહિતીપ્રદ વાંચન મળી રહેશે તેવી અપેક્ષા છે.

**વજુભાઇ વાળા**

**નરોત્તમભાઇ પટેલ**
**મંત્રી, ગુજરાત સરકાર**



सत्यमेव जयते

પ્રતિધ્વનિ મેગેઝિન દ્વારા વિવિધ ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન આપનાર મહાનુભાવોને પ્રોત્સાહન આપવાની બાબત ખરેખર સરાહનીય છે. આનાથી મહત્વપૂર્ણ પ્રદાન આપનાર મહાનુભાવોને આ ક્ષેત્રે કામ કરવામાં ખુબજ ઉત્સાહ રહેશે,રાષ્ટ્રનાં સર્વાંગી વિકાસ સાધવામાં મહત્વની ભૂમિકા ભજવવામાં ઉપયોગી નીવડશે. સદર કાર્યક્રમ સફળતાપૂર્વક પાર પડે તેવી શુભેચ્છાઓ પાઠવું છું.

**નરોત્તમભાઇ પટેલ**

**ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**
**મંત્રી, ગુજરાત સરકાર**



सत्यमेव जयते

**આઇશ્રી** પબ્લિકેશનનું રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રકાશન પ્રતિધ્વનિ માસિક મેગેઝીન દ્વારા 9માં વર્ષની ઉજવણીનાં ભાગ રૂપે 29 મે, 2006નાં રોજ રાજકોટ ખાતે હેમુ ગઢવી નાટ્ય ગૃહમાં સાંજના 8.00 કલાકે વિવિધ ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન આપનાર મહાનુભાવોને **"પ્રતિધ્વનિ મિડિયા એવોર્ડ - 2005"**થી સન્માનિત કરવાના કાર્યક્રમનું આયોજન કરવા બદલ આયોજકોને અને સન્માનિત મહાનુભાવોને આ શુભ પ્રસંગે શુભેચ્છા પાઠવું છું.

**ભૂપેન્દ્ર ચુડાસમા**


**ભરત સોલંકી**
**સાંસદ**



આઇશ્રી પબ્લીકેશન દ્વારા વિવિધ ક્ષેત્રે મહત્વપૂર્ણ પ્રદાન આપનાર મહાનુભાવોને **"પ્રતિધ્વનિ મિડિયા એવોર્ડ - 2005"** થી સન્માનિત કરી રહ્યાં છે તે જાણી ખુબજ આનંદ થયો. એવોર્ડથી મહાનુભાવોએ કરેલ કાર્યની કદર સમાજે કરી હોય તેવું લાગે છે અને વધુ ઉત્સાહથી કાર્ય કરવા પ્રેરાય છે તથા જે લોકો આ રીતે જ કાર્યરત હોય છે તેઓને પણ સમાજ પોતાની કદર કરશે એ લાગણીથી વધુ કાર્યરત થાય છે. એવોર્ડ મેળવનાર મહાનુભાવોને અભિનંદન તથા આ રીતે આપશ્રી પણ વધુને વધુ મહાનુભાવોની કદર કરશો તેવી અપેક્ષા સહ.

**ભરતભાઇ સોલંકી**

**NARHARI AMIN**
Ex. Deputy Chief Minister, Gujarat State



પ્રતિધ્વનિ માસિક મેગેઝિન પ્રકાશનની દુનિયામાં અગ્રેસર સ્થાન પામેલ છે. પ્રતિધ્વનિ વિવિધ વર્ગોને પ્રોત્સાહિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ અંગે આ કાર્યક્રમને મારી શુભેચ્છા પાઠવું છું અને મેગેઝિન વધુને વધુ પ્રગતિ કરે તેવી શુભકામનાઓ.

**નરહરિ અમીન**


# प्रतिध्वनि फिर मीडिया की सुर्खियों में...

**भारतीय मीडिया के दिल धड़कन प्रतिध्वनि पत्रिका समाचर पत्रो के पन्नो पर रोशन हुई ।**

प्रतिध्वनि Media Award 2005

**मीडिया का समर्थन**

**દૂરદર્શન,** राजस्थान पत्रिका, अल्पविराम, यंगलीडर. हेराल्ड. जनहितैषी, **Hindu, અકિલા, લોક સમર્થન, આજકાલ, આજતક, પ્રભાત, રખેવાળ, લોકમિત્ર, વેસ્ટર્ન ટાઇમ્સ, ગુજરાત શતાબ્દી, સૂર્યલોક, દિવ્ય ગુજરાત, બિંદુ, જનસમસ્યા...**

9 YEARS OF TRUTH
9th Year Celebration

**ऊंची उड़ान**